ક્રમાંકઃ- બ/જમન/૧૪/૨૨૨૦ /૨૦૨૨-૨૩
મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી,
વલસાડ વન વર્તુળ "વન ભવન"
વલસાડ, તારીખ..૧૯/ ૦૭/૨૦૨૨

વિષયઃ- Diversion of 0.004 Hectare Reserved Forest Land for laying Underground 11 KV HT Power Supply Cable from Talwada overhead water tank to Terminal Technology Company at Village: - Zaroli, Taluka: - Umargam, Dist: - Valsad.

સંદર્ભઃ- (૧) અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીનાં પત્રાંકઃ- જમન/૨૯-સી/બ/૫૭૮૫-૫૮૫૪/ તારીખ.૨૯/૧૨/૨૦૨૧
(૨) તેઓનાં પત્રાંકઃ- અ/જમન/ટે.૧૧/૩૭૩/ તા.૩૦/૦૬/૨૦૨૨.
(૩) અત્રેનાં પત્રાંકઃ- બ/જમન/૧૪/૨૦૧૮/ તા.૦૪/૦૭/૨૦૨૨
(૪) તેઓનાં પત્રાંકઃ- અ/જમન/ટે.૧૧/૪૫૯/ તા.૦૬/૦૭/૨૦૨૨.

નાયબ વન સંરક્ષકશ્રી, વલસાડ દક્ષિણ વન વિભાગ, વલસાડને જણાવવાનું કે, સંદર્ભ-૨ વાળા પત્રથી તેઓનાં દ્વારા વિષયવાળી દરખાસ્ત ચાર નકલમાં અત્રે સાદર કરવામાં આવેલ છે. જેની ચકાસણી કરતાં જણાયેલ ક્ષતિઓ બાબતે પુર્તતા અર્થે સંદર્ભ.૪થી જરૂરી લખાણ સહિત દરખાસ્ત પરત કરવામાં આવેલ છે.જેમાં નીચે મુજબની ક્ષતિઓ હજુ પણ બાકી રહી જવા પામેલ છે.

(૧) દરખાસ્ત અન્વયે રજૂ કરવામાં આવેલ એનેક્ષર-૭ ની ચકાસણી કરતાં મોજે. ઝરોલી ગામમાં કરવાની થતી કામગીરીની લંબાઇ- ૩૧૯ મીટર અને મોજે. તરવાળા ગામમાં કરવાની થતી કામગીરીની લંબાઇ- ૪૧ મીટર દર્શાવેલ છે. જેને ગામ નકશા મુજબ ચેક કરતાં તરવાળા ગામમાં વધુ અને ઝરોલી ગામમાં ઓછા મીટરમાં કામગીરી કરવાની થતી હોય ભૂલ ભરેલી જણાય આવે છે જેને ચકાસણી કરી સુધારી પુનઃ રજૂ કરવુ. તેમજ ઓનલાઇન અપલોડ કરેલ ફાઈલમાં જરૂરી સુધારો કરવો.

(૨) દરખાસ્તનાં એનેક્ષર-૧, ૨, ૩ ( ફોર્મ-એ, પાર્ટ-૧ ), ૪, ૫, ૭, ૮, ૯, ૧૪, ૧૫, ૨૩, ૩૩, ૩૪, અને ૩૫ માં તેઓનાં દ્વારા સહી-સિક્કા કરવાના થાય છે. જે સંદર્ભ.૧ વાળા આ સાથે સામેલ પત્રને અનુસંધાને સહી સિક્કા કરી રજૂ કરવા.

(૩) દરખાસ્ત અન્વયે રજૂ કરવામાં આવેલ પાર્ટ-૨ માં તેઓનાં દ્વારા વન સંરક્ષણ ધારાની ગાઈડલાઈન મુજબ (નકલ સામેલ છે) તારીખ અને સ્થળ દર્શાવવાના થાય છે. જે દર્શાવેલ નથી જે દર્શાવી રજૂ કરવુ.

(૪) દરખાસ્ત અન્વયે રજૂ કરવામાં આવેલ સાઈટ ઈન્સપેકસન રીપોર્ટ ના.વ.સં.શ્રી, દ્વારા સ્થળ તપાસ કરી જરૂરી વિગતો ભરી, તારીખ સહિત દરખાસ્તમાં સામેલ રાખવાનો થાય છે. જે પણ તારીખ વગર સામેલ રાખેલ છે.

વધુમાં જણાવવાનું કે, **<u>વન સંરક્ષણ ધારા-૧૯૮૦ હેઠળ મંજૂરી અર્થે યુઝર એજન્સી દ્વારા રજૂ કરવામાં આવતી દરખાસ્તને તેઓનાં વિભાગમાં જરૂરી ચકાસણી કર્યા બાદ જ અત્રે સાદર કરવાની થાય છે.</u>** જે પૈકીની ઘણી દરખાસ્તો **<u>વારંવાર ભૂલ-ભરેલી જ સાદર કરવામાં આવે છે</u>** અને અત્રેથી પરત કરવામાં આવવા છતાં ફરીવાર ચકાસણી વગર સાદર કરવામાં આવે છે એમ આ દરખાસ્ત જોતાં પ્રતિત થાય છે. જેના કારણે સરકારશ્રીનાં કિમતી સમયનો વ્યય થાય છે. જેથી હવે પછી સાદર કરવામાં આવનાર તમામ દરખાસ્તોની વિસ્તાર તેમજ અન્ય બાબતો અંગે ગંભીરતા દાખવી ચકાસણી કરવામાં આવે અને ત્યાર બાદ જ દરખાસ્ત અત્રે સાદર કરવામાં આવે જેથી સરકારશ્રીના કિમતી સમયનો વ્યય થતો અટકાવી શકાય. જેની ખાસ નોંધ લેવી. તેમજ ઉક્ત મુદ્દાઓની જરૂરી પુર્તતા અર્થે દરખાસ્ત આ સાથે પરત કરવામાં આવે છે. જે પુર્તતા કરી સત્વરે સાદર કરવા નોંધ લેવી.

બિડાણઃ ઉપર મુજબ

મુખ્ય વન સંરક્ષક
વલસાડ વન વર્તુળ
વલસાડ

પ્રતિ,
**નાયબ વન સંરક્ષકશ્રી,**
વલસાડ દક્ષિણ વન વિભાગ,
વલસાડ.